## તંત્રી સ્થાનેથી......

શિયાળો નીત નવીન અને તાજા,લીલાછમ્મ શાકભાજી દ્વારા શરીરનું પોષણ અને આરોગ્ય સુધારવાની ઋતુ ગણાય છે.ખાસ કરીને બાળ પોષણ માટે સત્વસભર લીલા શાકભાજી ઉત્તમ ગણાય છે. ત્યારે બાળ પોષણ માટે શાળાના પ્રાંગણમાં ઉપલબ્ધ જમીનમાં શાકભાજી ઉછેરીને બાળ તંદુરસ્તી નું સંવર્ધન કરવાના એક અદના શિક્ષકના કર્મયોગ ને બે દાયકા પૂરા થયાં છે અને શિયાળુ શાકભાજીનો વિદ્યાર્થીઓને લાભ આપવા તાજેતરમાં સતત એકવીસમા વર્ષે વિવિધ શાકભાજીનું વાવેતર કરીને શાળા શાકવાડી નો ઉછેર શરૂ કરાયો છે. આ વાત ડભોઈ તાલુકાના વાયદપૂરા ગામની પ્રાથમિક શાળાની છે જેના આચાર્ય શ્રી નરેન્દ્ર ચૌહાણ અંગત રસ લઈને,ગામલોકોની યોગ્ય મદદ મેળવીને દર વર્ષે શાળાના આંગણામાં શાકભાજી ની વાડી બનાવે છે.વિદ્યાર્થીઓની મદદથી આ વાડી ની કાળજી લે છે.અને તેમાં ઉગતા શાકભાજી નો મધ્યાહન ભોજનની વાનગીઓ ને સ્વાદિષ્ટ અને વધુ પોષક બનાવવા માટે ઉપયોગ કરે છે.વીસ વર્ષ અગાઉ તેમણે આ પહેલરૂપ પ્રયોગ કર્યો જે આજે પણ આગળ ધપી રહ્યો છે અને શિક્ષણ જગતમાં ખૂબ જાણીતો બન્યો છે. તેમણે શાળા શુભેચ્છકો ની મદદ થી આ વાડી ઉછેર માટે પાણીની સુવિધા કરી છે અને જમીન ખેડવા,વાવેતરમાં ગામલોકો તેમને મદદ પણ કરે છે. તેઓ આ શાકભાજીનો ઉપયોગ કરીને અવનવી વાનગીઓ વિદ્યાર્થીઓ ને પીરસે છે.બાળકોમાં તમામ પ્રકારનું શાક ખાવાની અભિરુચિ કેળવે છે.મોસમમાં એકાદવાર ઊંધિયા પાર્ટીનું વિદ્યાર્થીઓ માટે આયોજન કરે છે. નરેન્દ્રભાઈ એ જણાવ્યું કે એકવીસમા વર્ષે અમારી શાળા શાકવાડી માં રીંગણ, ફ્લાવર,કોબીજ, દૂધી,ગલકા, મૂળા,લાલ મૂળા, બીટ,પાલક,મેથી,ગાજર, ધાણા, મરચાં નું વાવેતર કર્યું છે.શિક્ષણ ની સાથે વાડીનું કામ વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહ થી કરે છે. વાડી તેમનામાં પ્રકૃતિ પ્રેમનો પણ સંચાર કરે છે. નરેન્દ્રભાઈ અને તેમના સહયોગી શિક્ષકોનો કર્મયોગ એક આગવી ભાત પાડી રહ્યો છે.





કમલમ્ ન્યુઝ,

તારીખ ૦૧-૧૨-૨૨ ને ગુરુવારના રોજ સદુથલા ગામે દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં નૂતન હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા નિ:શુલ્ક વિનામૂલ્યે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હોમિયોપેથીક ડોક્ટર્સની સેવાનો ૫૦ થી પણ વધારે દર્દીઓએ લાભ લીધો હતો જેમણે હોમિયોપેથીક દવા પણ નિઃશુલ્ક આપવામાં આવી હતી. કેમ્પમાં ૧૦ થી વધુ દર્દીઓને નિઃશુલ્ક ડાયાબિટીસ તપાસ માટે સુગર ચેક કરી આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડોક્ટર્સ તેમજ પેરામેડિકલ સ્ટાફ દ્વારા ખડે પગે સેવા આપવામાં આવી હતી. આ નિઃશુલ્ક સફળ આરોગ્ય લક્ષી મેડિકલ કેમ્પના આયોજન બદલ સદુથલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રીશ્રી તેમજ સદુથલા ગામના અગ્રણીઓ તરફથી સાંકળચંદ પટેલ યુનવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ અને ટ્રસ્ટીગણનો આભાર વ્યક્ત કર્યો હતો.



કમલમ્ ન્યુઝ,

કચ્છમાં ઉત્સાહપૂર્ણ માહોલમાં થયેલા મતદાનમાં વરિષ્ઠ નાગરીકો, દિવ્યાંગો તથા યુવાનો મતદાન પ્રક્રિયામાં સહભાગી બન્યા હતા. ત્યારે આ પવિત્ર ફરજ નિભાવવામાં સંતો પણ આગળ રહ્યા હતા. ભુજ તથા માનકુવા ખાતે સંતો તથા સાંખ્ય યોગી બહેનોએ અન્યો માટે પ્રેરણારૂપ બનીને મતદાન કરી લોકશાહીને મજબુત બનાવવા પોતાનું યોગદાન આપ્યું હતું.

# જિલ્લા કલેક્ટર શ્રી દિલીપ રાણાએ ભુજ ઓલફેડ હાઈસ્કૂલ ખાતે મતદાન કરીને પોતાની પવિત્ર ફરજ નિભાવી



કમલમ્ ન્યુઝ,ભુજ

વિધાનસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૨ દરમિયાન કચ્છ જિલ્લામાં આજરોજ તા.૧ ડિસેમ્બરે મતદાન મથકો પર લોકશાહીના મહાપર્વની ઉજવણી માટે મતદારોમાં મતદાન માટે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારે ૮ વાગ્યે મતદાન પ્રક્રિયા શરુ થતાંની સાથે તમામ વિધાનસભા મતવિસ્તારના મતદાન કેન્દ્રો ખાતે શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા શરુ થઈ હતી. ભુજના ઓલફેડ હાઈસ્કૂલ ખાતે જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રી દિલીપ રાણાએ મતદાન કરીને પોતાની પવિત્ર ફરજ નિભાવી હતી. તેમજ કચ્છના મતદારોને ઉત્સાહપૂર્વક મતદાન કરવા માટે અનુરોધ કર્યો હતો.



ભુજ,

વિધાનસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૨ દરમિયાન કચ્છ જિલ્લામાં સવારથી 'અવસર લોકશાહીનો' ઉજવણીના ભાગરુપે જિલ્લામાં શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા શરૂ થઈ છે. ત્યારે મતદાન મથકો ઉપર કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તે અનુસંધાને પશ્ચિમ કચ્છ એસપી શ્રી સૌરભ સિંઘે ભુજના મતદાન મથકોની મુલાકાત લઈને કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.



# કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહે બાલાસિનોર ખાતે વિશાલ સંબોધી જનસભા

કમલમ્ ન્યુઝ,મહીસાગર,

મહીસાગર જિલ્લામાં વિધાનસભા ચૂંટણીનું ૫ તારીખે બીજા તબક્કામાં મતદાન યોજવાનું છે. ત્યારે રાજકીય પાર્ટીઓ દ્વારા અંતિમ દિવસોમા પુર જોસમાં પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે. ત્યારે ભાજપ દ્વારા મહીસાગર જિલ્લાની ત્રણેય વિધાનસભા બેઠકો માટે પોતાના ઉમેદવારો જીતાડવા સભા બેઠકો યોજી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ૧૨૧ બાલાસિનોર વિધાનસભા બેઠક માટે ઉમેદવાર માનસિંહ ચૌહાણને જીતાડવા પ્રચાર અર્થે કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહ વિશાળ જનસભાને સંબોધી હતી અને ભાજપને જીતડવા અપીલ કરી હતી. બાલાસિનોર ભાજપના ઉમેદવાર માનસિંહ ચૌહાણને જીતાડવા વિજય સંકલ્પ સંમેલનમાં સંબોધન કરવા પહોંચેલા કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહે જંગી જનમેદની સંબોધનતા જણાવ્યું હતું કે, વિશ્વમાં ભારતનું ગૌરવ વધારવાનું કામ દેશના પ્રધાનમંત્રીએ કર્યું છે. ભારત જે કહે છે તેને અન્ય દેશો સાંભળે છે. જેને આપણે યુક્રેન રશિયા યુદ્ધ વખતે અનુભવ્યું છે. યુદ્ધ સ્થગિત રાખીને આપણા ભારતીયોને પરત લાવવામાં સફળતા મળી છે. વધુમાં તેમણે સ્થનિક મુદ્દા વિશે વાત કરતાં જણાવ્યું કે, બાલાસિનોરની જનતા માટે મુખ્યમંત્રીએ પાણીની ૮૦૦ કરોડની યોજના આપી છે. લોકોની સુખાકારી માટે સરકાર કામ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીએ બહુમત મળતા ૩૭૦ ની કલમ હટાવી, પાકિસ્તાનની ધરતી પર જઈને આતંકવાદીઓને ખતમ કર્યા, નરેદ્ર મોદીએ લોકોના વિશ્વાસને જીત્યો છે. ત્યારે વડાપ્રધાન પર વિપક્ષો અપશબ્દોનો પ્રયોગ કરી ગુજરાતના સ્વાભિમાન પર ઘા કર્યો છે. પૂર્વ પ્રધાનમંત્રી કહેતા કે ઉપરથી ૧૦૦ રૂપિયા મોકલું તો નીચે ૧૪ પૈસા આવે છે. જયારે ભાજપના શાસનમાં સીધા લાભાર્થીના ખાતામાં રૂપિયા આવે છે. આયુષ્ય ભારત યોજનામાં ૫ લાખ સુધીના મફત ઈલાજ લોકોને લાભ આપાવે છે. માનસિંહ ચૌહાણ સજ્જન અને સાદા માણસ છે. તમે રેકોર્ડ મતોથી તેમને વિજેતા બનાવશો તેવી ઉપસ્થિત વિશાળ જનસમુહને અપીલ કરી હતી. આ સભામાં ઉમેદવાર માનસિંહ ચૌહણ, જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા, દાહોદ પ્રભારી રાજેશભાઈ પાઠક, મહામંત્રી ભાજપના હોદ્દેદારો, ચૂંટાયેલા સભ્યો તેમજ કાર્યકર્તાઓ સમર્થકો અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

# ૧૭૩-ડાંગ (S.T.) બેઠક માટે ચાર વાગ્યા સુધીમા નોંધાયુ અંદાજીત ૬૩.૯૦ ટકા મતદાન









કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

૧૭૩-ડાંગ (S.T.) વિધાનસભા મતદાર વિભાગની પ્રથમ ચરણની યોજાયેલી ચૂંટણીમા, સાંજના ચાર વાગ્યા સુધી ૬૩.૯૦ ટકા મતદાન નોંધાવા પામ્યુ છે. ડાંગમા નોંધાયેલા કુલ ૯૬ હજાર ૩૮૭ સ્ત્રી, ૯૬ હજાર ૯૦૯ પુરુષ, અને બે (૦૨) થર્ડ જેન્ડર મતદારો મળી કુલ- ૧ લાખ ૯૩ હજાર ૨૯૮ મતદારો પૈકી, આ લખાઈ રહ્યુ છે ત્યાં સુધી એટલે કે સાંજના ચાર વાગ્યા સુધી ૫૯,૧૩૭ સ્ત્રી, ૫૭,૩૨૫ પુરુષ, મળી કુલ ૧,૧૬,૪૬૨ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. દરમિયાન જિલ્લાના મોટી દભાસ ગામે રસ્તાના મુદ્દે ચૂંટણી બહિષ્કાર કરતા ગ્રામજનોએ તંત્રની સમજાવટથી મતદાન કર્યુ હતુ. જ્યારે સાંજે ચાર વાગ્યાની સ્થિતિએ ૨૮૭-બીલમાળ, ૧૧૭-ગીરા, ૧૧૨-કોસીમપાતળ, અને ૨૯-વાંકન, તથા ૭૦-જામનસોઢા એમ કુલ પાંચ ગામોના ગ્રામજનો તેમની વિવિધ માંગણીઓ સંદર્ભે મતદાનથી અળગા રહ્યા હતા. જોકે વાંકન અને જામનસોઢા મતદાન મથકે અનુક્રમે ત્રણ, અને બે ઈ.ડી.સી. મતો નોંધાવા પામ્યા છે.



કમલમ્ ન્યુઝ,

વિધાનસભાની ચૂંટણીમાં કચ્છમાં યુવાવર્ગ ઉત્સાહભેર વોટીંગ કરી રહ્યો છે. પ્રથમવાર મતદાન કરવાની ફરજ નિભાવતા યુવાવર્ગમાં અનેરો થનગનાટ છે. ભુજમાં પ્રથમવાર મતદાન કરીને અન્સી પોકારે જિલ્લાના યુવાનોને પોતાના કિંમતી મતનો ઉપયોગ કરીને લોકશાહીને મજબુત બનાવવા અનુરોધ કર્યો હતો. તેણીએ જણાવ્યું હતું કે, મતદાન કરવું તે નાગરીકોની પ્રથમ ફરજમાં આવે છે. મારા માટે મતદાન કરવું પ્રથમ અનુભવ હતો જે ખુબ જ સુખદ રહ્યો છે. ત્યારે શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થયેલી મતદાન પ્રકીયામાં સૌ કચ્છીઓ જોડાય તેવી અપીલ છે.



કમલમ્ ન્યુઝ,

વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ માટે કચ્છ જિલ્લામાં ઉત્સાહભેર મતદાન થઈ રહ્યું છે, ત્યારે વરિષ્ઠ નાગરિકો ,દિવ્યાંગો તેમજ યુવા વર્ગ મતદાન કરવા સક્રિય બની પોતાની ફરજ બજાવી રહ્યો છે. ભુજના આદર્શ મતદાન મથક ઈન્દિરાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે વૃદ્ધ દંપતીએ મતદાન કરીને સૌ નાગરિકોને અચૂકથી મતદાન કરવા માટે અપીલ કરી હતી. ભુજના શંકરભાઈ ખોડીદાસે જણાવ્યું હતું કે, દરેક ચૂંટણીમાં હું મારી પત્ની સાથે મતદાન કરવા જાઉં છું. આ ચૂંટણીમાં પણ મેં મારી ફરજ બજાવી છે, ત્યારે આપણી લોકશાહીને વધુ મજબૂત કરવા માટે યુવા વર્ગથી લઈને વરિષ્ઠ નાગરિકો પણ મતદાન કરે તેવો અનુરોધ કરું છું.

# ગાંધીનગર ઉત્તર વિધાસભાના ભાજપા ઉમેદવાર શ્રીમતી રીટાબેન પટેલે ગાંધીનગર જિલ્લા કોર્ટ ખાતે ધારાશાસ્ત્રીઓ સાથે મુલાકાત કરી.









કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ઉત્તર વિધાસભાના ભાજપા ઉમેદવાર શ્રીમતી રીટાબેન પટેલે ૧ ડિસેમ્બર, ગુરુવારે ગાંધીનગર જિલ્લા કોર્ટ ખાતે ધારાશાસ્ત્રીઓ અને કોર્ટની આસપાસના દુકાનદારો સાથે મુલાકાત કરી હતી. સૌએ તમને હર્ષભેર આવકાર્યા હતા. આ પ્રસંગે મેયર હિતેશભાઈ મકવાણા, ગાંધીનગર ઉત્તર બેઠકના ઈન્ચાર્જ મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

